જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૬/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૮૮/૧૮

## અમદાવાદ શહેરમા વિધવા બહેનોને વિધવા સહાય અપાવવાના બહાને વિશ્વાસમા લઇ તેઓના સોનાના દાગીના મેળવી લઇ વિશ્વાતઘાત, છીતરપીંડી કરતી આરોપણ બહેનને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર સંયુકત પોલીસ કમિશનર ક્રાઇમ શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓ તરફથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી ક્રાઇમ-૨ સેલના પો.ઇન્સશ્રી કે.જી.ચોધરી સા. ની રાહબરી હેઠળ ટીમના પો.સબ.ઇન્સ.આઇ.એ.ધાસુરા તથા સ્ટાફના માણસો સાથે મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપણ બહેન, શાહીદા વા/ઓફ ફિરોઝખાન અસરફખાન પઠાણ ઉ.વ.35 રહે, ગામઃ ભાલેજ ઠાકોરવાસ તા : ઉમરેઠ જી : આણંદ હાલ રહે, ઓડ બજાર ફળીયુ તા: ઉમરેઠ જી : આણંદનાનીને ઝડપી પાડવામા આવેલ છે જે આરોપણ બહેન અમદાવાદ શહેરમા તેમજ અમદાવાદ બહારના વિસ્તારોમા વિધવા બહેનોને ટાર્ગેટ કરી તેઓને સરકાર તરફથી વિધવા સહાય અપાવવાના બહાને વિશ્વાશમા લઇ બહેનોને સરકારી ઓફિસમા લઇ જવાના બહાને રસ્તામા સોનાના દાગીના સાહેબ જોશે તો સરકારી સહાય નહિ આપે તેવી વાત કરી સોનાના દાગીના ઉતરાવી જે સોનાના દાગીના મેળવી લઇ વિશ્વાશઘાત, છેતરપીંડી કરવાની ટેવવાળી છે જે આરોપણ બહેનની હાલની પુછપરછમા નીચે મુજબના ગુન્હાની હાલમા કબુલાત કરેલ છે.

(1) ચાંદખેડા પો સ્ટેશન ફ.ગુ.ર.નં.110/18 ઇ.પી.કો.કલમ 406,420,363 મુજબ

(2) કપડવંજ ટાઉન પો સ્ટેશન ફ.ગુ.ર.નં.20/18 ઇ.પી.કો.કલમ 406,420 મુજબ

## ગુન્હાહિત ઇતિહાસ

સદરી આરોપણ બહેન અગાઉ સને 2015 થી સને 2018 દરમ્યાનમા વટવા પો સ્ટેશન-1, ગાયકવાડ પો સ્ટેશન-4, દરિયાપુર પો સ્ટેશન-1, શાહપુર પો સ્ટેશન-2, વેજલપુર પો સ્ટેશન-1, ઘાટલોડિયા પો સ્ટેશન-1, કૃષ્ણનગર પો સ્ટેશન-1 મળી કુલ્લે -11 જેટલા વિધવા સહાય અપાવવાના બહાને વિશ્વાસઘાત, છેતરપીંડીના ગુન્હામા પકડાયેલ છે. તેમજ સદરી આરોપણ બહેનને આ ગુન્હાના સને-2016, સને-2017, તેમજ સને 2018 મા ત્રણવાર પાસા થયેલ છે જે ત્રણેય પાસા મહેસાણા જેલ, ભુજ પાલારા જેલ, તથા અમદાવાદ સાબરમતી જેલમા કાપેલ છે.

## નોકરીની લોભામણી લાલચ આપી દિલ્હી ખાતે કોલ સેન્ટર ચલાવતા આઠ આરોપીઓને દિલ્હી ખાતેથી પકડી પાડતી સાયબર સેલ, ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ

ફરીયાદી બહેન પીન્કીબેન વા/ઓફ સન્ની કનૈયાલાલ મોદી રહે : ઘાટલોડીયા અમદાવાદનાઓને ગઇ તા.૧૫/૧૨/૨૦૧૭ નારોજ ફોન આવેલ અને મેક માય ટ્રીપમાં સારા પગાર આપવાનુ કહી લોભામણી લાલચ પૂર્વ યોજીત કાવતરુ કરી ફરીયાદી બહેન પાસે તેઓના ડોક્યુમેન્ટ ઇ મેઇલ મારફતે મેળવી લઇ તેમજ અલગ-અલગ પ્રોસીજરના ફી પેટે તેઓના એક્સીસ બેન્કનુ ક્રેડીટ કાર્ડ માંથી ઓ.ટી.પી નંબર મેળવી લઇ કુલ્લે રૂ.૧,૨૪,૪૦૦/- ઉપાડી લઇ ફરીયાદી બહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી આચરી હોવાની હકિકત ફરીયાદીશ્રી નાઓએ અત્રે સાયબર ક્રાઈમમાં આવી જણાવતા તે સબંધે અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ સાથે ચર્ચા કરતાં ઉક્ત અધિકારીશ્રીઓએ આ બાબતે તાત્કાલિક ગુનો દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા જરૂરી સુચન કરતાં ફરિયાદીની ઉક્ત હકિકત આધારે તા:૭/૦૬/૨૦૧૮ ના રોજ ડી.સી.બી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૩૭/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી તથા આઇટી એક્ટ કલમ ૬૬(સી),(ડી) મુજબનો ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પોલીસ ઈન્સપેક્ટરશ્રી એસ.આર.ટંડેલ નાઓએ સંભાળેલ.

સદરહુ ગુનાની તપાસ દરમિયાન ગુનાના કામે ફરિયાદી બહેનને મો.નં ૮૫૮૬૮૩૦૮૭૩ ઉપરથી ફોન આવતા હોય જે મોબાઇલ નંબરના CDR મેળવવામાં આવેલ અને પો.ઇન્સ જે.એસ ગેડમ નાઓએ નંબરનુ ટેકનીક્લ એનાલીસીસ કરતા તેમજ ફીઝીકલી ઇન્ફોરમેશન આધારે આરોપીઓ નોઇડા ખાતેથી કોલ સેન્ટર ધરાવી ફોન કરતા હોવાનુ જણાય આવતા પોલીસ ઇન્સપેક્ટર જે.એસ ગેડમ તથા પો.સબ.ઇન્સ પી.સી શીંગરખીયા તથા ટેકનીકલ પો.સબ.ઇન્સ હર્ષલ પ્રજાપતિ, પો.સ.ઇ. એસ.વી.ગલચર તથા ટીમના માણસો નોઇડા ખાતે જઇ તપાસ કરતા ઉપરોકત ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) શશી શ્રીરામ મિશ્રા ઉ.વ. ૩૦ રહે : નોઇડા , ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશ નં (૨) કૈલાશચંદ્ર રામચંદ્ર ઠાકુર ઉ.વ. ૨૮ રહે : ઉત્તર-પૂર્વ દિલ્હી તથા નં (૩) રતનકુમાર સુરેશ શ્રીકાંત મીશ્રા ઉ.વ ૩૨ રહે : દિલ્હી તથા નં (૪) કુલદીપકુમાર સન/ઓફ સૌધન આરામસિંગ સિંગ ઉ.વ.૨૪

રહે : નોઇડા (ઉત્તરપ્રદેશ) નં (૫) રામદીનસિંગ સરનમસિંગ યાદવ ઉ.વ. ૩૦ રહે : ફીરોઝાબાદ ઉત્તરપ્રદેશ તથા નં (૬) વિનયકુમાર શ્યામસુંદર ઝા ઉ.વ.૨૬ રહે : નોઇડા ઉત્તરપ્રદેશ તથા નં (૭) પવનકુમાર સન/ઓફ સુબોધ મહાવિરપ્રસાદ શર્મા ઉ.વ. ૧૯ રહે : દિલ્હી તથા નં (૮) પ્રકાશ હરીશચંદ્ર ભટ્ટ ઉ.વ.૩૨ રહે : ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશ નાઓ મળી આવતા ઉપરોકત ગુનાના કામે નોઇડા, સેકટર-૧૦, બી/૪૪ ખાતે થી તા:૦૮/૦૬/૨૦૧૮ ના કલાક: ૨૧/૦૦ વાગે અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરી આરોપીઓના દિન- ૪ ના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવામાં આવેલ છે.

આરોપીઓ પાસેથી મોબાઇલ નંગ- ૨૧, લેપટોપ- ૭, કેડીટકાર્ડ/ડેબીટકાર્ડ- ૨૨, બેંક ચેકબુક- ૪ તથા આધારકાર્ડ, પાનકાર્ડ, ડાયરી-૪, નોટબુક-૧, રાઉટર- ૨ મળી કુલ્લે રૂ. ૧,૬૭,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

આરોપીઓની પુછપરછ દરમિયાન આરોપીઓ નોઇડા ખાતે છેલ્લા એક વર્ષથી કોલ સેન્ટર ચલાવે છે અને આરોપી શશી શ્રીરામ મિશ્રા તથા કૈલાશચંદ્ર રામચંદ્ર ઠાકુર તથા કુલદીપકુમાર સિંગ નાઓ ભાગીદારીમાં કોલ સેન્ટર ચલાવે છે અને અન્ય આરોપીઓને માસીક ૧૫ હજારના પગારથી નોકરીએ રાખી લોકોને ફોન કરી અલગ-અલગ કંપનીઓમાં સારા પગારથી નોકરી આપવાની લાલચ આપી અલગ-અલગ પ્રોસીજર પેટે ફી ભરવાનુ કહી પૈસા મેળવતા હોવાની કબુલાત કરેલ છે. આ કોલ સેન્ટરના મુખ્ય સંચાલકો પોતાના સ્ટાફને જરુરી સાધન સામગ્રી પુરી પાડે છે. અને દિલ્હી ખાતે અલગ અલગ જગ્યાએ ઓફીસો ભાડે રાખી કોલ સેન્ટર ચલાવે છે. Shine.com નામની કંપનીમાં નોકરી કરતા આરોપી પ્રકાશ હરીશચંદ્ર ભટ્ટ કે જે રીલેશન મેજેનર તરીકે Shine.com કંપનીમાં નોકરી કરે છે અને તે કંપનીમાં જે કસ્ટમરો રજીસ્ટ્રેશન કરતા હોય તે ડેટા ગેરકાયદેસર ચાલતા કોલ સેન્ટરોને નાણાં લઇ ડેટા પુરો પાડે છે. અને આરોપીઓ ડેટા મેળવી અલગ અલગ કંપનીઓના નામે ફોન કરાવડાવી નોકરીની લાલચ આપી અલગ અલગ પ્રોસીજર રૂપે નાણાં મેળવે છે. આરોપીઓએ ફરીયાદી પાસેથી પેટીએમ મારફતે નાણાં મેળવી HDFC બેંકના એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરતા હતા. આરોપીઓ પાસેથી અલગ અલગ બેંકોના કેડીટકાર્ડ/ડેબીટકાર્ડ મળી આવેલ છે તે તમામ કાર્ડ ક્યા બેંક એકાઉન્ટો સાથે જોડાયેલ છે તે બાબતની તપાસ ચાલુ છે. આરોપીઓએ ગુજરાત રાજ્યમાં આશરે ૨૦ જેટલા લોકો સાથે લાખો રૂપીયા છેતરપીંડી આચરેલાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ છે. આ સિવાય આરોપીઓએ

અન્ય રાજસ્થાન, મહારાષ્ટ્ર, છતીસગઢ જેવા અનેક રાજ્ય માં પણ છેતરપીંડી કરેલાની કબુલાત કરેલ હોય જે ભોગ બનનારની તપાસ હાલમાં ચાલુ છે.

આરોપી નં.૧ શશી શ્રીરામ મિશ્રા નાનો બી.એ.સુધીનો અભ્યાસ કરેલ છે અને કોલ સેન્ટરનો મુખ્ય સંચાલક છે તથા આરોપી નં.૨ કૈલાશચંદ્ર રામચંદ્ર ઠાકુરનાનો બી.ટેક કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરેલ છે. અને કોલ સેન્ટરનો મુખ્ય સંચાલક છે. તથા આરોપી નં. ૩ કુલદીપકુમાર સન/ઓફ સૌધન આરામસિંગ સિંગ નાનો બીસીએ સુધીનો અભ્યાસ કરેલ છે અને કોલ સેન્ટરનો મુખ્ય સંચાલક છે તથા આરોપી નં. ૪ રતનકુમાર સુરેશ શ્રીકાંત મીશ્રા નાનો ધોરણ- ૧૨ સુધી અભ્યાસ કરેલ છે તથા આરોપી નં. ૫ રામદીનસિંગ સરનમસિંગ યાદવ નાનો બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે તથા આરોપી નં. ૬ વિનયકુમાર શ્યામસુંદર ઝા નાનો બી.કોમ સુધીનો અભ્યાસ કરેલ છે તથા આરોપી નં. ૭ પવનકુમાર સન/ઓફ સુબોધ મહાવિરપ્રસાદ શર્મા નાનો બીએસસી ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે તથા આરોપી નં. ૮ પ્રકાશ હરીશચંદ્ર ભટ્ટ નાનો એમબીએ સુધીનો અભ્યાસ કરેલ છે.

<u>પેટ્રોલીંગ દરમ્યાન બાતમી આધારે જુદીજુદી બ્રાન્ડની પરપ્રાતીય દારુની બોટલો તથા બિયર ટીન મળી કુલ્લે રુપિયા ૧,૩૧,૫૦૦/- તથા ૩,૫૦,૦૦૦/- ની ઇકો કાર મળી કુલ્લે કિમંત રુપિયા ૪,૮૧,૫૦૦/- ના મત્તાનો મુદ્દામાલ પકડી પાડતી સાબરામતી પોલીસ</u>

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા ના.પો. કમિશ્નર ઝોન-૨ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ, ડીવીઝન સાહેબનાઓ તરફથી અમદાવાદ શહેરમાં પ્રોહીબીશન નેસ્ત નાબુદ કરવા માટે અવાર નવાર ડ્રાઇવ રાખવામાં આવતી હોય જેથી સીનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશનના વધુમાં વધુ કેસો શોધી કાઢવા સારુ તા.૦૯/૦૬/૨૦૧૮ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ તથા આસી.પો.સબ.ઇન્સ. સુરસિંહજી ઉદાજી બ.નં.૮૬૭૧ તથા હેડ કોન્સ. રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ તથા હેડ કોન્સ. વિમલકુમાર કાંતીલાલ બ.નં.૬૩૮૭ તથા પો.કો. શીવાભાઇ મણાભાઇ બ.નં.૫૪૯૫ તથા પો.કોન્સ. કમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ તથા પો.કોન્સ. મહેશકુમાર બદાજી બ.નં.૯૬૫૨ તથા પો.કોન્સ. અજયસિંહ કોદરસિંહ બ.નં.૯૪૨૬નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯/૧૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ પ્રમુખ બંગ્લોઝ નજીક આવતાં સાથેના હેડ કોન્સ. વિમલકુમાર કાંતીલાલ બ.નં.૬૩૮૭ તથા હેડ કોન્સ. રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે ચેનપુર રોડ પેટ્રોલપંપની સામે આવેલ નંદાનગર હાઉસિંગ બોર્ડના મકાનો ખાતે એક ખાતે એક ઇકો કાર કવર ઓઢાડેલ હાલતમાં પડેલ છે જે કાર શંકાસ્પદ હાલતમાં જણાય છે જે બાતમી આધારે બે પંચો રુબરુ ઉપરોકત બાતમી વાળી જગ્યાએ તપાસ કરતા એક ઇકો કાર સફેદ કલરની R.T.O નંબર GJ-05-RC-5304 માં પાછળના ભાગે તથા વચ્ચેના ભાગેથી (૧) ઓફીસર ચોઇસ કલાસીક વ્હીસ્કી કંપનીની કાચની બોટલો નંગ-૬૦ રૂપિયા ૩૦,૦૦૦/- (૨) રોમાનોવ પ્રીમીઅમ વોડકા કંપનીની બોટલો નંગ-૧૨૦ રૂપિયા ૬૦,૦૦૦/-(૩) ઓફીસર ચોઇસ ક્લાસીક વ્હીસ્કી કંપનીની કાચના ક્વાટર નંગ-૨૧૩ રૂપિયા ૨૧,૩૦૦/- ગણાય (૪) હેવર્ડ ૫૦૦૦ બીયર ટીન કંપની શીલપેક નંગ-૨૦૨ રૂપિયા ૨૦,૨૦૦/- નો મળી આવેલ જે પરપ્રાંતીય દારૂની બોટલો તથા બીયર ટીન મળી કુલ કિમત રૂપીયા ૧,૩૧,૫૦૦/- નો તથા ઇકો કારની કિમંત રુપિયા ૩,૫૦,૦૦૦/- નો મળી કુલ્લે કિમંત રુપિયા ૪,૮૧,૫૦૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે અને આગળની તપાસ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ.ચલાવે છે

# ૩૨૦ પેટી (૩૮૪૦) નંગ ઇગ્લીંશ દારુની હેરાફેરી કરતા આયસર અને સ્વીફ્ટ ગાડીના ચાલકને કિ.રૂ.૨૩,૮૯,૫૦૦/ - ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુ જુગારની બદી નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ પણ સર્વે સ્કોડના માણસોને આવી પ્રવુતી કરતા ઇસમોની વિરુધ્ધ કાર્યવાહી માટે સચોટ બાતમી મેળવવા સુચના કરેલ જે અનુસંધાને આજરોજ સર્વે સ્કોડના હેકો વિજયસિહ પર્વતસિહ બનં ૯૭૮૨ તથા પોકો સતીષભાઇ બાબુભાઇ બનં ૮૫૭૨ નાઓએ ખાનગી બાતમી હકીકત આપેલ કે એક આઇસર ગાડી નંબર જી.જે.૦૪.એક્સ.૫૯૫૨ નો ચાલક તથા તેની સાથેની સ્વીસ્ટ ડીઝાયર ગાડી નંબર જી જે ૪ એપી ૪૫૫૪ના ચાલક બંન્ને એકબીજાની સાથે મળી પોતાના કબજાની ગાડીઓમાં વગર પાસ પરમીટે કેટલોક ગેર કાયદેસરનો ઇગ્લીશ દારુનો જથ્થો ભરીને બરોડા એકસપ્રેસ હાઇવે તરફથી આવીને રામોલ બ્રીજ પરથી અદાણી સર્કલ થઇ નરોડા તરફ જનાર છે જેથી અમોએ તથા સર્વે સ્કોડ પોસઇ શ્રી એ.ઓ.ભરવાડ સા તથા સાથેના સ્ટાફના માણસોની સાથે સરદાર પટેલ રીગરોડ અદાણી સર્કલ પાસે આવીને પંચોની સાથે સદરી જગ્યાએ વોચ કરીને સ્વીફટ કાર ચાલક જુનેદ સન/ઓફ રહેમાનભાઇ વલીભાઇ જેઠવા ઉવ ૨૧ રહે- જી/૨૧, ડ્રેગનશેરી ,ઘોઘા જકાતનાકા બેઠલા પુલ પાસે ભાવનગર નાઓની ગાડીમાંથી ઇગ્લીશ દારુની ૧૨૦ નંગ કિરુ ૪૮૦૦૦/ તથા મોફોન કિરુ ૩૦૦૦/- અને આયસર ગાડીના ચાલક

(૨) બકુલભાઇ હિમ્મતભાઇ ચૌહાણ ઉવ.૩૮ રહે. પ્લોટ નં .૧૮ ડી ૫૦ વાલીયા શીવાજી સર્કલ રામદેવપીર પેટ્રોલ પંપની બાજુમાં ઘોઘા રોડ ભાવનગર

નાની ગાડીમાંથી ઇગ્લીશ દારુની બોટલ ૩૭૨૦ બોટલ કિરુ ૧૪,૮૮,૦૦૦/ અને મોફોન કિરુ ૫૦૦/- તથા આયસર ગાડી કિરુ ૫,૦૦,૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૨૩,૮૯,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ હાથ ધરેલ છે. તા.૯/૬/૧૮

**મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં જુગાર ધામ પર રેડ કરી ૯(નવ) આરોપણ બહેનોને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ.**

**અધીક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨** તથા ના.પો.ક.મી.શ્રી ઝોન-૪ સાહેબ નાઓની સુચનાથી તથા મ.પો.ક.મી.શ્રી જી ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી મેઘાણીનગર પોલીસ સ્ટેશન તથા સર્વેલન્સ સ્ક્વૉડના પ્રો.પો.સ.ઇ એસ.જે.દેસાઇ તથા વુ.પ્રો.પો.સ.ઇ એસ.ઓ.ચૌધરી તથા અ.હે.કો.દિલીપ કુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ તથા અ.હેડ.હસમુખભાઇ જીતાભાઇ બ.નં.૩૪૪૩ તથા હે.કો.દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા એલ.આર. કિરણસિંહ ગોપાલસિહ બ.નં.૧૨૪૩ તથા લો.ર અરુણસિંહ યશપાલસિંહ બ નં-૪૨૪૭ તથા વુ.લો.ર. સોનલબેન ભવજીભાઇ બ.નં.૧૦૬૭૧ તથા વુ.લો.ર. ભુમીકાબેન મોહનભાઇ બ.નં.૧૦૬૫૬ નાઓ પો.સ્ટે પો.સ્ટે હાજર હતા દરમીયાન સાથેના પો.કો વિષ્ણુભાઇ હિરાભાઇ તથા અ.લો.ર કિરણસિંહ ગોપાલસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે કુબેરનગર બંગલા એરીયા કિસોર સ્કુલની સામે આવેલ પરમાનંદ ફ્લેટ બ્લોક નંબર ૧/૪ માં (૧) અનુબેન ભગવાનદાસ તોલારામ જાતે.મીરચંદાની ઉ.વ.૪૩ ધંધો. ઘરકામ રહે- મ.નં.૯/૩૦૨ જાનવી ફ્લેટ નરોડા પાટીયા રોડ નરોડા અમદાવાદ શહેર નાઓ તથા બીજી આઠ મહીલાઓ ભેગી મળી ગંજી પાનાનો હાર જીત નો જુગાર રમી રમાડી રોકડ નાણા રૂ. ૧૬૩૨૦/- તથા (૨) મોબાઇલ નંગ- ૦૮ કિં.રૂ. ૨૮૩૦૦/- (૩)ગંજી પાના નંગ– ૫૨ કિં.રૂ. ૦૦/૦૦. કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૪૪૬૨૦/- સાથે તા-૦૯/૦૬/૨૦૧૮ ના કલાક- ૧૯/૩૦ વાગે પકડી અટક કરી તેઓ વિરૂધ્ધમાં સેક્ન્ડ ગુ.ર.નં-૩૧૧૫/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ- ૪, ૫ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે અને હાલ તપાસ જારી છે.

**અમરાઇવાડી પો.સ્ટે. સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા રામોલ પો.સ્ટેશન ના લૂટના ગુનામાં વોન્ટેડ આરોપીને પકડી કરેલ સારી કામગીરીની પ્રેસનોટ**

નાપો.કમિશ્રી ઝોન-૫ સાહેબ નાઓની સુચના મુજબ તથા મ.પો.કમિશ્રી."આઇ" ડીવી.શ્રી તથા પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૧૦/૦૬/૨૦૧૮ ના રોજ અમો તથા આસી.સબ.ઇન્સ.રતિલાલ કરશનભાઇ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા ખેડૂત આંદોલન સબંધે પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના આસી.સબ.ઇન્સ.રતીલાલ તથા પો.કો.અલ્પેશકુમાર નાઓની મળેલ સયુક્ત બાતમી હકીકત આધારે અમરાઇવાડી પોસ્ટ ઓફીસ પાસેથી એક ઇસમ નામે અંકીત સ/ઓ ઇશ્વરભાઇ જાતે પાલ ઉ.વ.૨૧ રહે- વસ્ત્રાલ ગામ સરકારી પતરા વાળા મકાન નં.૧૦ કબીર મંદીરની સામે રામોલ અમદાવાદ શહેર ને રામોલ પો. સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન. ૭૭/૧૮ ઇ.પી.કો.કલમ ૩૯૪,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે લૂટ કરેલ હોય જેને તા.૧૦/૦૬/૧૮ ના કલાક ૧૩/૪૦ વાગે પકડી અટક કરી યોગ્ય કાર્યવાહી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.